# જ્યુડીસીયલ એપોઈન્ટમેન્ટ બિલ પસાર



નવી દિલ્હી,તા. ૧૩

જજની નિમણૂંકની કોલેજિયમ સિસ્ટમને બદલવા સાથે સંબંધિત નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન બિલ ૨૦૧૪ આજે લોકસભામાં પસાર થઇ ગયું હતું. નરેન્દ્ર મોદી સરકારની મોટી જીત તરીકે આને ગણવામાં આવે છે. લોકસભામાં વોટિંગમાં આ બિલની વિરુદ્ધમાં એક પણ મત પડ્યો ન હતો. કુલ ૩૬૭ વોટ બિલના સમર્થનમાં આવ્યા હતા. આ બિલ કોંગ્રેસના સમર્થન સાથે પસાર થયું છે. આ બિલ હવે રાજ્યસભામાં જશે જ્યાં ભાજપ ઓછી બહુમતિ ધરાવે છે. લોકસભાએ બંધારણીય સુધારા બિલ અને રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂંક પંચ બિલ ૨૦૧૪ પસાર કરી દીધું હતું. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજની નિમણૂંકની કોલેજિયમ વ્યવસ્થાને આ બિલ નાબૂદ કરશે. હકકીતમાં સરકાર ઈચ્છે છે કે, કોલેજિયમ સિસ્ટમની જગ્યાએ જજની નિમણૂંક માટે નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન બનાવવામાં આવે. આનાથી બંધારણીય સુધારા બિલ લાવવામાં આવ્યું છે. આ બિલ ઉપર મંગળવારના દિવસે લોકસભામાં ચર્ચા થઈ હતી. પક્ષ અથવા વિપક્ષ તમામ આ વ્યવસ્થાને બદલવા માટે એક મત છે. કેટલાક સાંસદોએ કેટલાક ફેરફારની સલાહ આપી હતી. કેટલાકે હાઈકોર્ટમાં નિમણૂંક અને સ્થળાંતર માટે અલગથી રાજ્ય ન્યાયિક નિમણૂંક પંચ બનાવવાની ભલામણ કરી હતી. ચર્ચા દરમિયાન સાંસદે કહ્યું હતું કે, ન્યાયતંત્ર જ્યારે પણ ઈચ્છે છે ત્યારે તેમની ટિકા ટિપ્પણી કરે છે. આ બિલમાં શ્રેણીબદ્ધ જોગવાઈઓ રહેલી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજની નિમણૂંકની પ્રક્રિયાની જોગવાઈ છે. બિલ પસાર થઈ ગયા બાદ જજની નિમણૂંક ન્યાયિક પંચ દ્વારા કરવામાં આવશે. છ સભ્યોના ન્યાયિક પંચમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા, સુપ્રીમ કોર્ટના બે જજ, કાયદાપ્રધાન અને અન્ય બે લોકો એવા હશે જે લોકોની પસંદગી વડાપ્રધાન, વિપક્ષના નેતા અને ચીફજસ્ટિસ કરશે. ન્યાયિક પંચના છ સભ્યો પૈકી બે સભ્યોને વાંધો હશે તો પણ જજની નિમણૂંકને રોકી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજની નિમણૂંક હજુ સુધી કોલેજિયમ સિસ્ટમથી થતી રહી છે. કોલેજિયમમાં સુપ્રીમમાં જજ હોય છે અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજની નિમણૂંક મળીને કરવામાં આવે છે. ૧૯૯૩ બાદ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજની નિમણૂંક માટે કોલેજિયમ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. કોઈપણ હાઈકોર્ટના જજની નિમણૂંક માટે સંબંધિત હાઈકોર્ટના કોલેજિયમની સહમતી જરૂરી રહેતી હતી. હાઈકોર્ટ કોલેજિયમથી નામ નક્કી થયા બાદ સુપ્રીમ કોર્ટના ત્રણ જજની કોલેજિયમ અંતિમ મંજુરી આપતી હતી.

### ચીન-પાક કરતા વધુ શસ્ત્ર આયાત

## ભારત સૌથી મોટું શસ્ત્ર આયાતકાર દેશ : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૩

ભારત વિશ્વના સૌથી મોટા શસ્ત્ર આયાતકાર દેશ તરીકે રહ્યું છે. ભારતે શસ્ત્રોની મોટાપાયે ખરીદી કરી છે. નિરાશાજનક સંરક્ષણ ઈન્ડસ્ટ્રી નેટવર્કના પરિણામ સ્વરૂપે ભારતની આ હાલત રહી છે. સંરક્ષણના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે ભારત સરકારે વિવિધ પગલા લીધા હોવા છતાં હજુ પણ શસ્ત્ર આયાતના મામલામાં ભારત પ્રથમ ક્રમાંક પર છે. ભારત ૬૫ ટકાથી વધુ લશ્કરી હાર્ડવેર અને સોફ્ટવેરની આયાત કરે છે. ભારતે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં વિમાનો, હથિયારો અને મિસાઈલો સહિત ૮૩૪૫૮ કરોડની કિંમતના શસ્ત્રો ખરીદી લીધા છે. સૌથી જંગી ખરીદી અમેરિકા પાસેથી કરવામાં આવી છે. ભારતીય શસ્ત્ર આયાત ચીન અને પાકિસ્તાન કરતાં આશરે ત્રણગણી વધારે છે. સૌથી મોટા શસ્ત્ર આયાતકાર દેશોમાં બીજા અને ત્રીજા ક્રમાંક ઉપર ચીન અને પાકિસ્તાન પણ છે. પરંતુ ભારત આ બન્ને દેશો કરતાં ખૂબ આગળ રહ્યું છે. ભારતે ૨૦૦૭-૦૮ બાદથી અમેરિકા સાથે ૧૦ અબજ ડોલરની કિંમતના સંરક્ષણ સોદાઓ કર્યા છે. ભારત હવે અમેરિકા સાથે વધુ બે નવી સમજુતી કરવાની તૈયારીમાં છે. આવી જ રીતે રશિયા પાસેથી પણ મોટાપાયે હથિયારોની ખરીદી કરીને ભારતે રેકોર્ડ સર્જ્યો છે. મિસાઈલ, યુદ્ધ વિમાન અને અન્ય ઘાતક હથિયારોની ખરીદી ભારત દ્વારા જુદા-જુદા દેશો પાસેથી કરાઈ છે.

## કેજરીવાલમાં પાર્ટીને મજબૂત કરવાની ક્ષમતા નથી : ભૂષણ

નવી દિલ્હી,તા. ૧૩

આમ આદમી પાર્ટીના સ્થાપક સભ્યો પૈકીના એક શાંતિ ભૂષણે કહ્યું છે કે, અરવિંદ કેજરીવાલમાં પાર્ટીને આગળ વધારવાની બિલકુલ ક્ષમતા નથી. શાંતિ ભૂષણનું કહેવું છે કે, પાર્ટીને આગળ વધારવા માટે અને તેને મજબૂત કરવા કોઈ અન્ય નેતાને મોટી જવાબદારી સોંપવી જોઈએ. પૂર્વ કાયદાપ્રધાન શાંતિભૂષણે કહ્યું છે કે, અરવિંદ કેજરીવાલમાં સંગઠનને મજબૂત કરવાની બિલકુલ ક્ષમતા નથી. તેઓ પાર્ટીને રાષ્ટ્રીય સ્તરે મજબૂત કરવાની સ્થિતિમાં દેખાઈ રહ્યા નથી. ભૂષણે એમ પણ કહ્યું હતું કે, પાર્ટીમાં આંતરિક લોકતંત્રની બિલકુલ અછત છે. કેજરીવાલ માત્ર પોતાની જ વાત સાંભળે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાર્ટીનું ભવિષ્ય સારુ છે અને લોકો આને સમર્થન પણ આપી રહ્યા છે પરંતુ કેટલીક બાબતોને વ્યવસ્થિત કરવી ખુબ જ જરૂરી છે.



અરવિંદ કેજરીવાલ સારા પ્રચારક છે પરંતુ તેમનામાં સંસ્થાકીય કુશળતાનો અભાવ છે. શાંતિ ભૂષણના નિવેદનથી આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મોટો ફટકો પડ્યો છે. પૂર્વ કાયદાપ્રધાન શરૂઆતથી જ કહેતા આવ્યા છે કે, કેજરીવાલની જગ્યાએ બીજા કોઈ નેતાને જવાબદારી સોંપવી જોઈએ. શાંતિભૂષણ શરૂઆતથી જ કેજરીવાલની સાથે રહ્યા છે. તેમને પાર્ટીને વિશ્વસનીય નેતા તરીકે જોવામાં આવે છે. તેમના પુત્ર પ્રશાંત ભૂષણ પણ એએપીના મોટા નેતા છે. ભૂષણે કહ્યું હતું કે, કેજરીવાલ બુદ્ધિશાળી, સારા રણનીતિકાર છે પરંતુ તેમનામાં સંગઠનને મજબૂત કરવાની સ્થિતિ નથી. પાર્ટીને મજબૂત કરવાની જવાબદારી કોઈ અન્ય નેતાને આપવી જોઈએ. જો કે, ભૂષણે કબૂલાત કરી હતી કે, કેજરીવાલને મુખ્ય ચહેરા તરીકે ગણવામાં આવે તે જરૂરી છે. પાર્ટી જે મુલ્યો ઉપર ઉભી કરવામાં આવી છે તે મૂલ્યોને ભુલવા જોઈએ નહીં. શાંતિ ભૂષણના આ નિવેદન અંગે આમ આદમી પાર્ટીના નેતા યોગેન્દ્ર યાદવે કોઈપણ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે, તેઓ શાંતિ ભૂષણના નિવેદનને વાંચી શક્યા નથી પરંતુ યાદવે કબૂલાત કરી હતી કે, આમ આદમી પાર્ટીમાં આંતરિક લોકશાહી પર ચર્ચા થાય છે. અન્ય રાજકીય પાર્ટીઓમાં આવી પરંપરા નથી. શાંતિ ભૂષણના નિવેદન અંગે તેમના પુત્ર પ્રશાંતે કહ્યું હતું કે, આ તેમના પિતાનો અંગત અભિપ્રાય છે. તેમના પિતાએ આ બાબત મંચ સુધી જ રાખવી જોઈએ.

## કાશ્મીરમાં ૨૦૦ ત્રાસવાદી આતંક મચાવવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૧૩

જમ્મુ કાશ્મીરમાં હજુ પમ ૨૦૦થી વધુ ત્રાસવાદીઓ સક્રિય હોવાની ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. જે દર્શાવે છે કે રાજ્યમાં ત્રાસવાદી હુમલાનો ખતરો હજુ રહેલો છે. જો કે નવેસરના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૧૯૯૫ બાદતી જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની ગતિવિધીઓ અને હુમલામાં ઘટાડો થયો છે. સુરક્ષા દળોના આક્રમક પગલા અને અન્ય યોજનાના લીધે ત્રાસવાદીઓ તેની યોજનામાં નિષ્ફળ રહ્યા છે. જો કે સ્થાનિક લોકો તરફથી ત્રાસવાદીઓને ટેકો હજુ મળી રહ્યો છે. જેથી તેમનો સફાયો કરવામાં તકલીફ થઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં શ્રીનગર નજીક બીએસએફના કાફલા પર હુમલો કરીને ત્રાસવાદીઓએ સાબિતી પણ આપી દીધી છે કે તેઓ હજુ પણ રાજ્યમાં સક્રિય થયેલા છે. ભારતીય સેના અને પોલીસ જવાનો દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં ત્રાસવાદીઓનો સંપૂર્ણ સફાયો થયો નથી. વારંવાર સરહદ પારથી ઘુસી જઈને ત્રાસવાદીઓ રાજ્યમાં છુપાઈ જાય છે. કેટલાક સ્થાનિક કટ્ટરપંથીનો ટેકો પણ ત્રાસવાદીઓને છે જેના કારણ તેઓ સરળતાથી હુમલો કરીને સંતાઈ જાય છે. આવી સ્થિતીમાં સુરક્ષા જવાનો માટે તેમને શોધી કાઢવાની બાબત ખુબ પડકારરૂપ રહે છે. વર્ષો સુધી ત્રાસવાદની પ્રવૃતિ ચાલ્યા બાદ સુરક્ષા જવાનોના કટોર પગલાના લીધે તેમની પ્રવૃતિ ઘટી છે. પરંતુ હજુ સુધી સંપૂર્ણ સફાયો થયો નથી.લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યપ્રધાને પણ કહ્યું હતું કે વર્ષ ૧૯૯૬માં જુદા જુદા સંગઠનોના ૬૮૦૦ ત્રાસવાદીઓ સક્રિય હતા. જે ઘટીને ૨૦૧૩માં ૨૪૦ અને હવે ૧૯૯ની આસપાસ રહી ગયા છે.

# ગંગાની સફાઈના પ્રશ્ને મોદી સરકારની જોરદાર ઝાટકણી

નવી દિલ્હી,તા. ૧૩

હિન્દુઓની પવિત્ર નદી ગંગાની સફાઈને લઈને સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, નદીની સફાઈને લઈને કોઈ મહત્વપૂર્ણ કામ થઈ રહ્યા છે તેમ દેખાતુ નથી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ટીએસ ઠાકુરની બનેલી બેંચે કહ્યું હતું કે, આ મામલામાં ઝડપથી આગળ વધવાની જરૂર છે. કેન્દ્ર સરકાર તરફથી ઉપસ્થિત રહેલા અટર્ની જનરલ મુકુલ રોહતાગીની પણ જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી અને કહ્યું હતું કે, ગંગા નદીને બચાવવા માટે સરકાર તરફથી કોઈ મહત્વપૂર્ણ પગલા લેવામાં આવી રહ્યા નથી. આ અગાઉ રોહતાગીએ સુપ્રીમ કોર્ટ સમક્ષ આ મુદ્દા ઉપર સુનાવણી બે સપ્તાહ સુધી ટાળી દેવા અપીલ કરી હતી. કોર્ટે રોહતાગીને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, પવિત્ર નદીને બચાવવા માટે કોઈ પગલા લેવાઈ રહ્યા છે કે કેમ, આ મુદ્દે કોઈ પગલા લેવાઈ રહ્યા નથી.

અન્ય મામલાઓમાં ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, જે મુદ્દાઓને ઓછુ મહત્વ મળવું જોઈએ તેને મહત્વ આપવામાં આવી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે હવે ગંગા નદીની સફાઈ માટે કાર્ય યોજના અંગેનો અહેવાલ માંગ્યો છે. સાથેસાથે ગંગા નદીને સ્વચ્છ કરવા માટે ઉઠાવવામાં આવી રહેલા પગલાઓ અંગેની વિગત પણ માંગી છે. અત્રે નોંધનીય છે કે, ગંગા નદીને સ્વચ્છ કરવાને લઈને છેલ્લા ઘણા સમયથી વાત થઈ રહી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન અને ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગંગા નદીને સ્વચ્છ કરવાની બાબતને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી. કેન્દ્રીય પ્રધાન ઉમા ભારતીએ પણ વારંવાર કહ્યું છે કે, ગંગા નદીને સ્વચ્છ કરવા માટે બનતા તમામ પગલા લેવામાં આવશે. ટૂંકાગાળામાં ગંગા નદીને સ્વચ્છ કરાશે. ગંગા નદીના ઘાટ ઉપર પણ ધ્યાન આપવાની વાત કરવામાં આવી હતી પરંતુ આજે ગંગા નદીની સફાઈના મુદ્દા ઉપર મોદી સરકારની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ટિકા કર્યા બાદ આ દિશામાં મોદી સરકારને ઝડપથી આગળ વધવું પડશે.



### એર એશિયા ઈન્ડિયા દ્વારા ભાડામાં ઘટાડો

મુંબઈ,તા. ૧૩

સ્થાનિક એરના ક્ષેત્રમાં નવી એન્ટ્રી કરનાર એરએશિયા ઈન્ડિયાએ તેના ભાડામાં ૨૦ ટકા સુધીનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. તેની તમામ ફલાઈટોમાં મર્યાદિક ગાળા માટે એરએશિયા દ્વારા આ ઘટાડો કરવામાં આવ્યો છે. મુંબઈમાં એક નિવેદનમાં એરએશિયા ઈન્ડિયાએ કહ્યું છે કે, ડિસ્કાઉન્ટ ટિકિટ સ્કીમ છ દિવસના ગાળા માટે મંગળવારે શરૂ થઈ હતી. આ સ્કીમમાં તમામ કેટેગરી માટે ટિકિટની ખરીદી ઉપર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે. બેંગ્લોરથી ચેન્નાઈ, કોચી, ગોવા અને અન્ય જગ્યાઓની ફલાઈટો માટે ટિકિટમાં ૨૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. એરએશિયા ઈન્ડિયા હાલમાં બેંગ્લોરથી ચેન્નાઈ, કોચી અને ગોવાની ફલાઈટ ધરાવે છે. તે બેંગ્લોરથી જયપુર અને ચંદીગઢની ફલાઈટ પણ શરૂ કરવાની યોજના ધરાવે છે. કસ્ટમરો ૧૭મી ઓગસ્ટ સુધી આ ડિસ્કાઉન્ટ સ્કીમ હેઠળ ટિકિટો ખરીદી શકશે. ૧૪મી ડિસેમ્બર સુધીના ગાળા માટે વિમાની યાત્રા કરી શકાશે. એરએશિયા ઈન્ડિયા મલેશિયન મહાકાય કંપની એરએશિયાના મોટા હિસ્સા તરીકે છે. તેની ભારતમાં એન્ટ્રી થઈ ચુકી છે. હાલમાં શરૂ કરવામાં આવેલી ઓફર ખુબ ઉપયોગી રહેશે.

# ૧૪મી ઓગસ્ટે અડધી રાતથી પેટ્રોલની કિંમતમાં ૨.૩૮નો ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૩

પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આજે નિવેદન કરતા કહ્યું હતું કે, ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલની કિંમતમાં ૧૪-૧૫મીની અડધીરાતથી લીટરદીઠ ૨.૩૮ રૂપિયાનો ઘટાડો કરવા જઇ રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઇને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેટ રિટેલર્સ દ્વારા આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની સરેરાશ કિંમત અને અગાઉના પખવાડિયામાં રૂપિયા-ડોલરના એક્સચેંજ રેટને



ધ્યાનમાં લઇને દર મહિને પહેલી અને ૧૬મી તારીખ પેટ્રોલની કિંમતમાં સુધારા કરવામાં આવે છે. તેલ કંપનીઓએ પહેલી ઓગસ્ટના દિવસે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧.૦૯નો ઘટાડો કર્યો હતો. એપ્રિલ બાદથી પ્રથમ વખત ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમત હાલમાં દિલ્હીમાં લીટરદીઠ ૭૨.૫૧ છે. આ મહિનામાં બીજી વખત પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામાં આવનાર છે. જુન ૨૦૧૦માં સરકારે પેટ્રોલની કિંમતોને અંકુશમુક્ત કરી દીધી હતી ત્યારબાદથી મોટાભાગે રેટમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બીજી બાજુ ડિઝલ માટે સરકારે જાન્યુઆરી ૨૦૧૩માં જ્યા સુધી સબસિડીને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં ન આવે ત્યાં સુધી દર મહિને લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી ડિઝલની કિંમતમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. ડિઝલની કિંમતમાં સુધારો પહેલી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે રેટમાં વધારો કરવાની નીતિ અપનાવવામાં આવી ચુકી છે. છેલ્લા ઘણા સમયથી તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. એવા સમયમાં સતત બીજી વખત પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવાથી લોકોને મોટી રાહત મળી શકે છે. જુદા જુદા રાજ્યમાં પેટ્રોલની કિંમતમાં ઘટાડો લોકોને અલગ અલગ રીતે દેખાશે. કારણ કે રાજ્યોમાં સેલટેક્સ અને વેટના દર પણ લાગુ પડે છે.

## સમાચાર ઝલક

- અમેરિકન ફેડરલ રિઝર્વ બેંકની તેમજ આર્થિક હિલચાલ પર ઝવેરીઓની નજર.
- આઈ.ટી. કંપનીઓ ૧,૮૦,૦૦૦ કર્મચારીઓની ભરતી કરશે.
- ગુજરાતમાં લક્ષ્યાંક કરતાં કપાસની વાવણી વધુ થઈ છે.
- ચોટીલામાં ફિલ્મી ઢબે મુસ્લિમ યુવાનની જાહેરમાં ગોળી મારી કરાયેલી હત્યા.
- રાજકોટમાં શુધ્ધ ઘીનું નકલી ઘી નું કારખાનું પકડાયું.
- ઓસ્કાર એવોર્ડ વિજેતા રોબિન વિલિયમ્સ ઘરે મૃત હાલતમાં મળી આવ્યા.
- જુન માસનો ફુગાવો વધ્યો અને ઔધોગિક ઉત્પાદન ઘટયું.
- કાકરાપાર અણુમથક વિરૂધ્ધ આંદોલન યથાવત આંદોલનકારી મહિલાની તબિયત લથડી.
- લંડનમાં કાર અકસ્માત દરમિયાન શ્રી સુનિલ ગાવસ્કરનો ચમત્કારિક બચાવ.
- પેલેસ્ટાઈનમાં ઈઝરાયલી હુમલાથી ૧૪૧ સ્કુલોનો નાશ થયો છે.
- ગરીબોને સીધી રોકડ સહાય આપો રિઝર્વ બેંકના ગવર્નર શ્રી રઘુરામ રાજન.
- તા. ૧૯મી સપ્ટેમ્બરે એક સાથે સાત ફિલ્મો પ્રસારિત થશે.
- લુધિયાણાની સ્કુલમાં શિક્ષકે વિદ્યાર્થીના માથા પર ગન તાકી.
- ગુજરાતના દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરોમાં મેટ્રો ટ્રેન શરૂ થાય તેવા સંજોગો.

## ફુલનદેવી કેસ : રાણાને સજા અંગેની આજે જાહેરાત કરાશે

નવી દિલ્હી,તા. ૧૩

સમગ્ર દેશને હચમાચાવી મુકનાર ફુલનદેવી હત્યા કેસમાં અપરાધી શેરસિંહ રાણાને સજા અંગેની જાહેરાત આવતીકાલે કરવામાં આવનાર છે. પ્રોસિક્યુશન દ્વારા રાણા માટે મૃત્યુદંડની માંગ કરવામાં આવી છે. જેથી દિલ્હી કોર્ટના ચુકાદા પર તમામ લોકોની નજર રહેશે. વર્ષ ૨૦૦૧માં ફુલન દેવીની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. સજાના પ્રમાણ અંગે દલીલોની સુનાવણી ચલાવ્યા બાદ એડિશનલ સેશન જજ ભારત પરાસરે ચુકાદો અનામત રાખ્યો હતો. પ્રોસિક્યુશને દલીલ કરી હતી કે ફુલનદેવીની હત્યા યોજનાપૂર્વક કરવામાં આવી હતી. દલીલો ફૂર્ણ થયા બાદ રાણાએ કોર્ટ સમક્ષ કહ્યું હતું કે તેની ઈમેજને તેની સામે ખોટા કેસ કરીને ખરડવાના પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. રાણાએ કહ્યું હતું કે વર્ષ ૨૦૦૧માં તેની ધરપકડ કરવામાં આવ્યા બાદથી કોઈ પણ એમ કહી ન શકે કે તે કોઈ ખોટુ કામ કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ફૂલન દેવી હત્યા કેસમાં મુખ્ય આરોપી શેરસિંહ રાણાને દોષિત જાહેર કર્યો હતો જ્યારે બાકી ૧૦ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. કોર્ટે શેરસિંહ રાણાની સજા અંગેની જાહેરાત ૧૨મી ઓગસ્ટના દિવસે કરવાની વાત કરી હતી પરંતુ ગઈકાલે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. ગઈકાલે કોર્ટે ૧૪મી ઓગષ્ટના દિવસે ચુકાદો આપવાની જાહેરાત કરી હતી. ૧૩ વર્ષ અગાઉ ફૂલન દેવીની હત્યા દિલ્હીમાં તેના ઘરની બહાર ગેટ ઉપર જ અંધાધૂંધ ગોળીબાર કરીને કરી દેવામાં આવી હતી. આ હત્યાકાંડમાં શેરસિંહ રાણા સહિત ૧૨ આરોપીઓ હતા. જેમાં એકનું મોત થઈ ગયું હતું.

કોર્ટે રાણાને ૩૦૭ અને ૩૦૨ હેઠળ દોષિત જાહેર કર્યો હતો. જ્યારે ફોરજરી, આર્મ્સ એક્ટ અને ૧૨૦બી હેઠળ આરોપોમાંથી નિર્દોષ છોડી મુક્યો હતો.ફૂલન દેવીની ૨૫મી જુલાઈ ૨૦૦૧ના દિવસે દિલ્હીમાં ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. જે સમયે તેની હત્યા કરવામાં આવી હતી તે વખતે ફૂલન દેવી સમાજવાદી પાર્ટીના સાંસદ તરીકે હતા. ફૂલન દેવીની હત્યા કરવામાં આવ્યા બાદ દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો અને આની ગંભીર નોંધ લેવાઈ હતી.

## સપાની સાથે કોઈ જોડાણ કરવાનો માયાનો ઈનકાર

નવી દિલ્હી,તા. ૧૩

બસપના નેતા માયાવતીએ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે કોઈ જોડાણ કરવાનો હાલમાં ઈન્કાર કર્યો છે. સાથે-સાથે ઉત્તરપ્રદેશમાં ભાજપ સામે સંયુક્ત મોરચા માટેની લાલુની દરખાસ્તને ફગાવી દીધી છે. મુલાયમસિંહ યાદવની ઝાટકણી કાઢતા માયાવતીએ કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટીના વડાને માત્ર તકવાદી રાજનીતિમાં જ વિશ્વાસ છે. મુલાયમસિંહને માત્ર સત્તામાં જ રસ છે. ભાજપ સાથે હાથ મિલાવવાનો સમાજવાદી પાર્ટી પર આક્ષેપ કરતા માયાવતીએ કહ્યું હતું કે, બહુજન સમાજ પાર્ટી કોઈપણ પક્ષ સાથે ચુંટણી પહેલા જોડાણ સાથે આગળ વધશે નહીં જોકે, કેટલાક રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે, માયાવતી મોડેથી વલણ બદલી શકે છે. જો લાલુ મધ્યસ્થી કરે તો માયાવતી સાથે જોડાણ માટે તૈયાર છે તેવા મુલાયમસિંહ દ્વારા કરવામાં આવેલા સુચન અંગે પ્રતિક્રિયા આપતા માયાવતીએ આ મુજબની વાત કરી હતી. લાલુ અને નીતિશકુમાર ૨૩ વર્ષના લાંબા ગાળા બાદ એક મંચ પર આવી ચુક્યા છે. બન્ને સાથે મળીને બિહારમાં વિધાનસભાની પેટાચુંટણી લડનાર છે. આરજેડીના વડાએ હાલમાં જ ભાજપના ફેલાવાને રોકવા ઉત્તરપ્રદેશમાં હાથ મિલાવવા સપા અને બસપાને અપીલ કરી હતી.

### લોકસભા નાયબ સ્પીકર તરીકે થાંબીદુરાઈ ચુંટાયા

નવી દિલ્હી,તા. ૧૩

ઓલ ઈન્ડિયા અન્નાદ્રવીડ મુનેત્ર કઝગમ (અન્નાદ્રમુક)ના નેતા થાંબીદુરાઈ આજે સર્વ સંમિતિથી લોકસભાના નાયબ અધ્યક્ષ તરીકે ચુંટાઈ આવ્યા હતા. કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ દ્વારા તેમના નામ માટેની દરખાસ્ત રજૂ કરાઈ હતી. ત્યારબાદ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે ટેકો આપ્યો હતો. કોંગ્રેસ સહિત તેમની ચુંટણીમાં તમામ રાજકીય પક્ષો સહમત દેખાયા હતા. થાંબીદુરાઈને અભિનંદન આપતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, તેઓ એક શિક્ષણ શાસ્ત્રી છે અને કૃષિ નિષ્ણાંત પણ છે જેથી સહકારની ભાવનાથી તેઓ કામ કરીને દેશને મદદરૂપ થશે. મંગળવારના દિવસે આ હોદ્દા માટે થાંબીદુરાઈએ નોમિનેશન કરી હતી. સંસદના નીચલા ગૃહમાં અન્નાદ્રમુક ત્રીજી સૌથી મોટી પાર્ટી તરીકે છે.